અપીલ અરજી નં.૧૧૩ તા.૩૧–૭–૦૮

અરજદાર: શ્રી સૈયદ જાફર સૈયદ ઝૈન કાદરી
સામાવાળા:(૧)ડે.કમિશનર(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આઈસીડીએસ–૧)
(૨) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સમિતિ)

## હુકમ:–

**વિષય:**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ જાફર સૈયદ ઝૈન કાદરીની તા.૧૯/૨૦–૬–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧૨ નોંધ નં. ૨૨૧૮ થી ૨૨૨૧ વાળી મિલ્કત સૈયદપુરા પ્રણામી મંદિર પાસેની તા.૩૧–૧–૦૭ ના રોજ તેમના માલિકને ન.પ્રા.શિ. સમિતિ ધ્વારા કબ્જો સુપ્રત કરવામાં આવેલ છે તેમાં આઈસીડીએસ–૧ ની પ્રવૃતિ ચલાવાતી હતી તે બંધ કરવા, બીજે ખસેડવા તા.૪–૮–૦૭ ના રોજ જાણ કરતી અરજી મળેલ કબ્જા રસીદ સાથે સુપ્રત કરેલ તે અરજી ઉપર થયેલી કાર્યવાહીની સંપુર્ણ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૧–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૧૩/૦૮–૦૯

શ્રી સૈયદ જાફર સૈયદ ઝૈન કાદરીની તા.૧૯/૨૦–૬–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧૨ નોંધ નં. ૨૨૧૮ થી ૨૨૨૧ વાળી મિલ્કત સૈયદપુરા પ્રણામી મંદિર પાસેની તા.૩૧–૧–૦૭ ના રોજ તેમના માલિકને ન.પ્રા.શિ. સમિતિ ધ્વારા કબ્જો સુપ્રત કરવામાં આવેલ છે તેમાં આઈસીડીએસ–૧ ની પ્રવૃતિ ચલાવાતી હતી તે બંધ કરવા, બીજે ખસેડવા તા.૪–૮–૦૭ ના રોજ જાણ કરતી અરજી, મળેલ કબ્જા રસીદ સાથે સુપ્રત કરેલ તે અરજી ઉપર થયેલી કાર્યવાહીની સંપુર્ણ માહિતી આપવા બાબતે પ્રતિભાવ ન મળવાને કારણે એપેલેટ ઓફિસરને તા.૩૧–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો ઈન્કાર તથા વિલંબ/વિસંગતતા હોય તો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૯૯ તા.૬–૮–૦૮ થી ડે.કમિશનર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આઈસીડીએસ–૧) તથા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સમિતિ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશનર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી તરફથી આજ દિન સુધી માહિતી મળેલ નથી. જયારે શાસનાધિકારી અને જહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ. સમિતિ) નં.૮૦ તા.૨૨–૭–૦૮ થી મોકલેલ માહિતી અત્રે તા.૨૯–૮–૦૮ ના રોજ મળેલ છે. પરંતુ તેમાં અરજદારની મુળ અરજીમાં નિર્દિષ્ટ આઈસીડીએસને સંબોધીને કરેલ તા.૪–૮–૦૭ ની અરજી અન્વયે થયેલ કાર્યવાહીની વિગતો સમાવિષ્ટ નથી.

અરજદારે અપીલ અરજીમાં તા.૪–૮–૦૭ ની અરજી આઈસીડીએસ–૧ માં કરેલી તેની માંગેલ છે. જે અંગે અરજદારે અપીલ અરજી અંગે સદર અરજી મુળ માહિતી માંગતી અરજી કે અન્ય કોઈપુરાવા કે આધાર રજુકરેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારીઓ તરફથી તા.૪–૮–૦૭ ની અરજી આઈસીડીએસ–૧ ને કરેલ. તે અરજી કે તેની વિગતો અત્રે મળેલ નથી. અરજદારની સેન્ટ્રલ ઝોનમાં કરેલ માહિતી માંગતી અરજી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક૧૩૧૮ તા.૨૧–૬–૦૮ થી સીડીપીઓ,આઈસીડીએસને તબદીલ કરેલ. તેમના તરફથી કોઈ પણ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. ત્યાર બાદ નં.આઈસીડીએસ/એસએમ.સી./અર્બન આઈસીડીએસ પ્રોજેકટ–૨૧૩ તા.૨૪–૭–૦૮ થી જાહેર માહિતી અધિકારી ન.પ્ર.શિ.સમિતિને નિયત સમય મર્યાદા બાદ ઘણા વિલંબથી તબદીલ કરેલ છે. પરંતુ તેમાં તા.૪–૮–૦૭ની આઈસીડીએસને કરેલ અરજી અંગે શાસનાધિકારીને તબદીલ કરવાની બુધ્ધિગમ્યતા કે તર્કસંગતતા જણાવવામાં આવેલ નથી. કે તેઓ કક્ષાએથી સદર અરજી બાબતે અપવાદ હેઠળ માહિતીનો ઈન્કાર કરવામાં આવેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯/૨૦–૬–૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. અરજદારની તા.૪–૮–૦૭ ની (આઈસીડીએસ–૧) માં આપેલ અરજી ઉપર થયેલ કાર્યવાહીની માહિતી માંગવામાં આવેલ છે. જે નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશનર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આઈસીડીએસ–૧)જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ડે.કમિશનર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આઈસીડીએસ–૧) તથા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સમિતિ) ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી સૈયદ જાફર સૈયદ ઝૈન કાદરી,